જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા.) બનાસકાંઠાની કચેરી,
જિલ્લા સેવા સદન-૨, પ્રથમ માળ,
જોરાવર પેલેસ સંકુલ, પાલનપુર ફોન/ફેક્સ નં. ૦૨૭૪૨/૨૫૩૭૬૫
E-MAIL: ddcw-sjed-ban@gujarat.gov.in

ઘણોજરૂરી
સમયમર્યાદા

નં સકઅ/લઘુમતિ/શિષ્યવૃત્તિ/૨૦૨૦-૨૧/૧૧૯૬
તા:૦૭/૦૯/૨૦૨૦

પ્રતિ,આચાર્યશ્રી,(બનાસકાંઠા જિલ્લાની તમામ સરકારી/ખાનગી શાળા/કોલેજ/યુનિવર્સિટી)

.........................................................................,

મુ...............................તા.....................................,

જિ.બનાસકાંઠા

વિષય: વર્ષ:૨૦૨૦-૨૧મા ભારત સરકારશ્રીની લઘુમતિ જાતિ માટેની શિષ્યવૃત્તિ માટે NATIONAL SCHOLARSHIP 2.0 માં પેન્ડીંગ રહી ગયેલ શાળા /કોલેજ/યુનિવર્સિટીનું રજીસ્ટ્રેશન અને KYC APPROVED કરવા બાબત

સંદર્ભ:સંયુક્ત નિયામકશ્રી.વિકસતી જાતિ કલ્યાણ ખાતું ,ગુ.રા.,ગાંધીનગરનો તા. ૩/૯/૨૦૨૦નો પત્રક્રમાંક : વિજાક/શિક્ષણ/૨૦૨૦-૨૧/૧૮૩૧ થી ૧૮૬૨

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે વર્ષ: ૨૦૨૦-૨૧માં ભારત સરકારશ્રીની લઘુમતિઓ માટેની પ્રીમેટ્રીક,પોસ્ટમેટ્રીક તથા મેરીટ કમ મીન્સ શિષ્યવૃત્તિ મેળવવા માટે NATIONAL SCHOLARSHIP 2.0 પર ઓનલાઈન શિષ્યવૃત્તિના ફોર્મ ભરવા માટે શાળા /કોલેજ/યુનિવર્સિટીનું રજીસ્ટ્રેશન કરવાનું તથા KYC APPROVED કરવાના થાય છે. જો રજીસ્ટ્રેશન ના થાય તેમજ KYC APPROVED ના થાય તો વિધાર્થી શિષ્યવૃત્તિનું ઓનલાઈન ફોર્મ ભરી શકે નહી અને શિષ્યવૃત્તિથી વંચિત રહી જાય છે.

ભારત સરકારશ્રી દ્વારા જિલ્લાની એકપણ શાળા /કોલેજ/યુનિવર્સિટીનું NATIONAL SCHOLARSHIP 2.0 માં રજીસ્ટ્રેશન કરવાનું તથા KYC APPROVED કરવામાં બાકી ન રહે તે માટે સ્પષ્ટ સુચના આપેલ છે. જો શાળા/કોલેજ/યુનિવર્સિટીમાં લઘુમતિ જાતિનો એકપણ વિધાર્થી અભ્યાસ કરતો ના હોય તો પણ દરેક શાળા /કોલેજ/યુનિવર્સિટીએ NATIONAL SCHOLARSHIP 2.0માં ફરજીયાત રજીસ્ટ્રેશન કરવાનું તથા KYC APPROVED કરવાના થાય છે.

સબબ અત્રેની કચેરીના તા.૨૮/૦૨/૨૦૨૦ ના પરિપત્રમાં જણાવેલ સુચનાઓ ધ્યાને લઈને આપની શાળા /કોલેજ/યુનિવર્સિટીનું NATIONAL SCHOLARSHIP 2.0માં તાત્કાલિક રજીસ્ટ્રેશન કરવા તથા KYC એપ્રુવ કરવા માટે અત્રેની કચેરીએથી USER ID/PASSWORD મેળવી દિન-૩માં આ કામગીરી બિનચુક પુર્ણ કરી અત્રે જાણ કરવા વિનંતી છે.જો કોઈ શાળા /કોલેજ/યુનિવર્સિટીમાં લઘુમતિ જાતિનો કોઈ વિધાર્થી ના હોય અને રજીસ્ટ્રેશન નહી કરે કે KYC એપ્રુવ નહી કરે તો તે અંગે જે કોઈ પ્રશ્નો ઉદ્ભવશે તેની સંપુર્ણ જવાબદારી સબંધિત શાળા /કોલેજ/યુનિવર્સિટીની રહેશે જેની ગંભીર નોંધ લેવા વિનંતી છે.

જિલ્લા સમાજકલ્યાણ અધિકારી
(વિ.જા.)બનાસકાંઠા,પાલનપુર

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
જિ.પં.બનાસકાંઠા,પાલનપુર

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા,પાલનપુર

નકલ રવાના: (૧) તાલુકા કેળવણી નિરીક્ષકશ્રી,(તમામ) મુ............................તા..........................,જિ.બનાસકાંઠા

૨/- આપના તાબા હેઠળની તમામ પ્રા. શાળાઓને N.S.P. 2.00માં રજીસ્ટ્રેશન કરવા તથા KYC એપ્રુવ કરવા જરૂરી સુચનાઓ આપવા જાણ સારૂં

નકલ સવિનય રવાના: (૧) રજીસ્ટ્રારશ્રી,હેમચંદ્રાચાર્ય,ઉ.ગુ.યુનિવર્સિટી,મુ.તા.જિ.પાટણ
(૨) રજીસ્ટ્રારશ્રી,સરદાર કૃષિનગર યુનિવર્સિટી,મુ.તા.દાંતીવાડા,જિ.બનાસકાંઠા
(૩) માન.નિયામકશ્રી,વિકસતી જાતિ કલ્યાણ ખાતું,ગુ.રા.,ગાંધીનગર

Scanned with CamScanner